You are the creator of your own destiny...

# વિવેકાનંદ એકેડમી – કરંટ અફેર્સ

(04-ઓગસ્ટ-2018)

VISIT US – www.vivekanandacademy.org

VIVEKANAND ACADEMY

## 34મા જન્મદિવસે સુનિલ છેત્રીને 'એશિયન આઈકોન'નું બિરુદ



- ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનિલ છેત્રીને તેના 34મા જન્મદિવસે 'એશિયન આઈકોન'નું બિરુદ આપવામાં આવ્યું છે.
- એશિયન ફૂટબોલ ફેડરેશને છેત્રીના જન્મદિવસને યાદગાર બનાવવા માટે તેના આધિકારીક પેજ પર છેત્રીને આ બિરુદ આપ્યું હતું.
- છેત્રી 101 મેચમાં 64 આંતરરાષ્ટ્રીય ગોલ સાથે વિશ્વમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લાયોનલ મેસ્સી પછી સૌથી વધુ ગોલ કરવામાં ત્રીજા નંબરનો ખેલાડી છે.

### મુખ્ય માહિતી

- સુનિલ છેત્રી જન્મ – 3 ઓગસ્ટ 1984
- એશિયન ફૂટબોલ ફેડરેશન સ્થાપના – 1954
- એશિયન ફૂટબોલ ફેડરેશન મુખ્યાલય – મલેશિયા

ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી માટે જરૂરી મટીરીયલસ.. પરીક્ષાલક્ષી માહિતી અને યોગ્ય માર્ગદર્શનમેળવવા માટેની વિવેકાનંદ એકેડમી ની ટેલીગ્રામ ચેનલ join કરો.

https://t.me/VivekanadAcademy

# 'ટુરીઝમ ફેસ્ટીવલ'




- ભારત સરકારના પ્રવાસન મંત્રાલય 16 સપ્ટેમ્બરથી 27 સપ્ટેમ્બર 2018 સુધી સમગ્ર દેશમાં 'પ્રવાસન ઉત્સવ' નું આયોજન કરવાનો નિર્ણય કર્યો.
- પ્રવાસન મંત્રાલય સાથે અન્ય મંત્રાલય અને રાજ્ય સરકારો સાથે મળી આ ઉત્સવનું આયોજન કરશે.
- પ્રવાસનના લાભો પર ધ્યાન કેન્દ્રિત કરવા , દેશની સાંસ્કૃતિક વિવિધતા દર્શાવવા અને "દરેક માટે પ્રવાસન" ના સિદ્ધાંતને મજબૂત કરવા માટે આ ઉત્સવનું આયોજનમાં આવે છે.
- 27 સપ્ટેમ્બર 2018 ના રોજ 'ટૂરિઝમ ફેસ્ટિવલ' વર્લ્ડ ટુરિઝમ ડે ઉજવણી સાથે સમાપ્ત થશે.
  પ્રવાસન મંત્રી - કે જે. અલફોસ

**Set your goals high, and don't stop till you get there**

FOR ALL TYPES OF STUDY MATERIALS

VISIT US – http://vivekanandacademy.org

EMAIL

Gandhinagar – vivekanandacademy2012@gmail.com

VIVEKANAND ACADEMY
8490927713, 9925698721
Gandhinagar

# જસ્ટિસ કે.એમ.જોસેફ-સુપ્રીમ જજ




- કોલેજિયમની મંજૂરી બાદ કેન્દ્ર સરકારે જસ્ટિસ કે.એમ.જોસેફ સુપ્રીમના જજ બનવ્યા.
- જસ્ટિસ કે.એમ. જોસેફ ઉત્તરાખંડ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ફરજ બજાવતા હતા.
- આ સાથે જ મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ઇન્દિરા બેનર્જી અને ઓડિસ્સા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિનિત શરણ સુપ્રીમ કોર્ટમાં જશે.
- જાન્યુઆરી 2018 માં પ્રથમ વખત, સુપ્રીમ કોર્ટે કોલેજીયમના પાંચ સભ્યોએ કે એમ જોસેફનું નામ ભલામણ કર્યું.
- જસ્ટિસ બેનર્જી સુપ્રીમ કોર્ટના 8માં મહિલા જજ હશે.

### કોલેજીયમ મુખ્યમાહિતી

- કોલેજીયમ પાંચ લોકોનું એક જૂથ છે જેમાં પાંચ લોકોમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ છે.
- કો કૉલેજિયમ સુપ્રીમ કોર્ટના જજની નિમણૂક અને ટ્રાન્સફર નક્કી કરે છે.
- કોલેજિયમ દ્વારા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની જોગવાઈ બંધારણમાં નથી.
- સરકાર માટે કોલેજિયમની ભલામણ જરૂરી છે. 1993 થી આ અમલમાં છે.

# એમર્સન નનંગાગ્વા-રાષ્ટ્રપતિ ઝિમ્બાબ્વે



- એમર્સન નનંગાગ્વા ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ બનશે.
- ચૂંટણીમાં 50.8% વોટ મળ્યા છે.
- જોકે હરીફ એમડીસી ગઠબંધનના નેલ્સન ચમીસાને 44.3% વોટ મળ્યા છે.
- નવેમ્બર 2017 માં 94 વર્ષીય રાષ્ટ્રપ્રમુખ રોબર્ટ મુગાબેના રાજીનામા બાદ ઝિમ્બાબ્વેમાં પ્રથમ વખત ચૂંટણી યોજવામાં આવી હતી.

### ઝિમ્બાબ્વે મુખ્યમાહિતી

- રાજધાની – હરારે
- રાષ્ટ્રપતિ - એમર્સન નનંગાગ્વા

# Question

1) સુનિલ છેત્રી કઈ રમત સાથે સંકળાયેલ છે ?

- ફૂટબોલ

2) એશિયન ફૂટબોલ ફેડરેશન દ્વારા સુનિલ છેત્રીને ક્યું બિરુદ આપવામાં આવ્યું ?

- 'એશિયન આઈકોન'

3) એશિયન ફૂટબોલ ફેડરેશન મુખ્યાલય ક્યાં આવેલ છે ?

- મલેશિયા

4) 'પ્રવાસન ઉત્સવ'નું આયોજન ક્યાં મંત્રાલય દ્વારા કરવામાં આવશે ?

- ભારતીય પ્રવાસન મંત્રાલય

5) કોલેજિયમ ક્યારથી અમલ માં છે ?

- 1993

6) કોલેજીયમની ભલામણ બાદ ક્યાં ન્યાયાધીશને સુપ્રીમના જજ બનશે ?

- કે.એમ.જોસેફ

7) એમર્સન નનંગાગ્વા ક્યાં ના રાષ્ટ્રપતિ બનશે ?

- ઝિમ્બાબ્વે

8) ઝિમ્બાબ્વેની રાજધાની જણાવો ?

- હરારે

